# ગૂજરાત વિદ્યાપીઠઃ અમદાવાદ-૩૮૦૦૧૪

જા.નં. ૫૬/વહીવટ/COVID-19/૨૦૨૦-૨૧

તા.૦૪.૦૫.૨૦૨૦

વંચાણે લીધાઃ

૧) નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ બાબત ગુજરાત સરકાર, સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરનાં તા.૦૨.૦૫.૨૦૨૦નો પરિપત્ર.

૨) Ministry of Personnel, Public Grievances and Pensions (Department of Personnel and Training) Dated: 29.04./2020.

૩) જા.નં.૧૬/વહીવટ/COVID-19/૨૦૨૦-૨૧, તા.૨૦.૦૪.૨૦૨૦.

<u>પરિપત્રઃ</u>

નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા ભારત સરકારના કર્મચારીગણ મંત્રાલય અને આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા લેવાની થતી તકેદારી સંબંધમાં વખતો સૂચનાઓ પરિપત્રિત કરી છે જેનું પાલન કરવા અત્રેનાં કાર્યાલય દ્વારા તમામ ડીન/વડા/સંયોજક/આચાર્ય/નિયામક/સંચાલકને વખતો વખત જાણ કરવામાં આવી છે.

નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના સંક્રમણની શૃંખલા તોડવા માટે કેન્દ્ર સરકારની સેવામાં હોય તેવા તમામ અધિકારી/કર્મચારીઓ દ્વારા "આરોગ્ય સેતુ" એપનો અસરકારક ઉપયોગ કરવામાં આવે તેવી સૂચના ભારત સરકાર અને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી છે. "આરોગ્ય સેતુ" એ સરકારની COVID Tracker App છે. નોવેલ કોરોના વાઈરસ (Covid-19)નો ચેપ લાગ્યો હોય તેવા વ્યકિતનાં સંક્રમણમાં આવનાર અન્ય વ્યકિતને Contract tracing થકી સાવધ કરે છે / ચેતવણી આપે છે, જેથી સંબંધિત નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના જોખમથી બચી શકાય.

વંચાણે લીધેલ ક્રમાંક-૦૧ અને ૦૨ અન્વયે "આરોગ્ય સેતુ" એપના અસરકારક ઉપયોગ બાબતે જણાવવામાં આવે છે.

૧) ગૂજરાત વિદ્યાપીઠની તમામ વિદ્યાશાખા/વિભાગો/કેન્દ્રો/શાળાઓનાં સેવકો (આઉટ સોર્સિંગથી રાખવામાં આવેલ સેવકો સહિત) એ તેમનાં મોબાઈલ ફોનમાં તાત્કાલિક "આરોગ્ય સેતુ" એપ ડાઉનલોડ કરવી.

૨) કચેરીએ આવવા માટે નીકળતા પૂર્વે "આરોગ્ય સેતુ" એપ પર પોતાની સ્થિતિ/સ્ટેટસની સમીક્ષા અવશ્ય કરવી અને એપ પર "સૂરક્ષિત" અથવા ઓછું જોખમ" ની સ્થિતિ દર્શાવે ત્યારે જ કચેરીએ આવવા નીકળવું.

૩) તમામ સેવકોને સલાહ આપવામાં આવે છે કે બ્લ્યૂટૂથ આસપાસના વિસ્તારના સંક્રમિત લોકોના સંપર્ક (તાજેતરમાં સંક્રમિત વ્યક્તિનાં સંપર્કમાં આવ્યા હોય)ના આધારે વિશ્લેષણ કરીને "થોડુંક" અથવા " વધુ જોખમ" દર્શાવે તો તેવા કર્મચારી/અધિકારીએ કચેરી આવવું નહિ. ૧૪ દિવસ સુધીએ અથવા એપની સ્થિતિ "સૂરક્ષિત" અથવા ઓછું જોખમ" ન દર્શાવે ત્યાં સુધી પોતાને અન્ય વ્યક્તિનાં સંપર્કથી દૂર રહેવું/Self Isolate રહેવું.

૪) "આરોગ્ય સેતુ" એપનો ઉપયોગ તમામ સેવકો (આઉટ સોર્સિંગથી રાખવામાં આવેલ સેવકો સહિત)એ ફરજિયાત કરવાનો રહેશે. તમામ સેવકો આ એપનો ઉપયોગ કરે તે જોવાની જવાબદારી સંબંધિત તમામ ડીન/વડા/સંયોજક/આચાર્ય/નિયામક/સંચાલકની રહેશે.

વધુમાં નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા ભારત સરકાર/યુ.જી.સી./રાજય સરકાર અન્ય સત્તામંડળનાં આદેશો તથા હવે પછી બહાર પડનારી માર્ગદર્શિકાઓનું પાલન કરવા જણાવવામાં આવે છે.

આ આદેશ આદરણીય કુલનાયકશ્રીની આજ્ઞાનુસાર કરવામાં આવે છે.

(ડૉ. ભરત જોશી)

કા. કુલસચિવ

નકલ સવિનય રવાનાઃ આદરણીય કુલનાયકશ્રી, જાણ સારું.

નકલ રવાનાઃ સંબંધિત તમામ ડીન/વડા/સંયોજક/આચાર્ય/નિયામક/સંચાલકની જાણ તથા અમલવારી સારું.